**સેશન્સ કેસ નંબરઃ– ૧૫/૨૦૨૪**
**આંક –૨૦**

| સેશન્સ કેસ નંબરઃ– ૧૯/૨૦૨૪ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૧ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | હંસાજી મગાજી પુરોહીત | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 9712322996 |
| ઉંમર આશરે | ૬૦ | વરસની | ધંધો | ખેતી |
| રહેવાનુ | ધરણોધર તા.ધાનેરા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | વી.બી.કંસારા |

(૧) હું ચાર ધોરણ સુધી ભણેલો છું. હું ખેતી કરુ છું. મારે સંતાનમાં બે દિકરા અને ચાર દિકરીઓ છે. જેમાં સૌથી મોટા હિતેશભાઈ તેનાથી નાના નિતાબેન તેનાથી નાના ભાવનાબેન તેનાથી નાના ગીતાબેન તેનાથી નાના તરુણભાઈ તેનાથી નાના લતાબેન છે. મારે ખેતીની દશ એકર જમીન છે તેમજ બીજી ચાર એકર વેચાતી રાખેલ છે. તેમાં બોર તેમજ વીજ કનેકશન છે અને રહેવા માટે એક ઓરડી બનાવેલી છે.

(૨) તા.૨૩/૦૯/૨૩ના રોજ બનાવ બનેલો. એ વખતે હું બોર ઉપર હતો અને સવારના દશ અગિયાર વાગ્યાનો સમય થયેલો હતો. મારી સાથે મારા પત્ની સીતાબેન તથા દિકરાની વહુ વર્ષાબેન તથા ભાવનાબેન મારી દીકરી તથા ગીતાબેન મારી દીકરી અમો બધા ખેતીનું કામ કરતા હતા. તે સમયે દેવાજી સુરતાજી રાજપુત ટ્રેકટર લઈને આવેલા અને તેના ટ્રેકટર ઉપર એક વેનાજી લાખાજી, પાડાજી લાખાજી પણ આવેલા હતા અને બીજા ટ્રેકટર ઉપર આશુજી જુઠાજી, જુઠાજી આવેલા. સાહેદને આ લાકડી મારનાર આરોપીનું નામ યાદ આવતુ નથી પરંતુ સાહેદ આરોપી અદાલતમા મફલર બાંધીને બેઠા છે તેને ઓળખી બતાવે છે, સાહેદ જણાવે છે કે એક

સાહેદની સહી...........................

આશુજી જુઠાજી , જુઠાજી પોતે બીજા આરોપીનું નામ એમને ખબર છે અત્યારે યાદ આવતુ નથી. સાહેદ જણાવે છે કે જેમનું નામ યાદ આવતુ નથી તે મુખ્ય આરોપી છે અને બીજો મુખ્ય આરોપી દેવો છે અને દેવાએ મારી પત્નીને હાથ ઉપર લાકડી મારેલી જેથી ફ્રેકચર થયેલું. આ છ જણા અદાલતમાં હાજર છે તેમણે ગાળો પણ બોલેલી અને તે ખુબ ખરાબ શબ્દો બોલેલા તે અદાલતમાં કહી શકાય તેમ નથી. તેઓએ અમારી ઉપર ચાર વખત આવા હુમલા કરેલા છે. મને મારી નાંખાવના હતા પણ મારી દીકરી અને બીજા લોક વચ્ચે પડેલા જેથી મારો બચાવ થયેલો. ત્યાં બનાવ સમયે હાજર મારી દીકરી ભાવનાને જુઠાજીએ લાકડીથી માથામાં મારેલી તથા ડાબી આંખના ભાગે મારેલ. તેમજ મારી દીકરી ગીતાને જુઠાજીએ માથા ઉપર તથા ડાબા હાથ ઉપર લાકડી મારેલી જેથી મારી દીકરી ગીતાને માથામાં ટાંકા આવેલા. તેમજ દેવાજી સુરતાજીએ મારી પત્ની સીતાબેનને જમણા હાથ ઉપર ચાલુ ટ્રેકટર ઉપરથી લાકડી મારેલી. જેના કારણે સીતાબેનને જમણા હાથે ફ્રેકચર થતા તેમનુ ઓપરેશન કરાવવુ પડેલ હતું. મારી પુત્રવધુ વર્ષાબેનને નામ.કોર્ટમાં હાજર મફલરવાળા આરોપી કે જેનુ નામ મને હાલમાં યાદ આવતુ નથી તેણે ડાબા હાથના અંગુઠા ઉપર તથા માથાના ભાગે લાકડી મારેલી. મને કંઈ વાગેલુ નહી. સમગ્ર બનાવ મે નજરે જોયેલ. ચાલુ બનાવે મે મારા મોબાઈલ ઉપરથી ધાનેરા પોલીસને ફોન કરેલો અને પોલીસ આવેલી. ત્યારબાદ પોલીસ બધા આરોપીઓને ગાડીમાં બેસાડી ધાનેરા પો.સ્ટે. લઈ ગઈ. ત્યારબાદ અમો ધાનેરા સરકારી દવાખાને ગયેલા. સરકારી દવાખાને મારી બંન્ને દિકરી મારી પુત્રવધુ તથા મારી પત્ની સીતાબેનની સારવાર કરાવેલી. મારી પુત્રવધુ વર્ષાબેન તેમજ મારી પત્ની સીતાબેનની વધુ સારવાર ડીસા મુકામે પ્રાઈવેટ હોસ્પિટલમાં સારવાર કરાવેલી અને મારી પુત્રવધુ અને મારી પત્નીનું

સાહેદની સહી.........................

ઓપરેશન મારી પ્રાઈવેટ હોસ્પિટલમાં કરાવેલું. આ ઝઘડાનું કારણ એ હતુ કે અમો જે જમીનમાં વાવેતર કરીએ છીએ તે જમીન આરોપીઓની છે તેવું કહીને આરોપીઓ અમારી સાથે ઝઘડો કરેલો અને મારામારી કરેલી. પોલીસે મારી વધુ પુછપરછ દવાખાનામાં આવીને કરેલી. બનાવ બાબતે મે ફરીયાદ આપેલી.

આરોપીઓમાં અદાલતમાં હાજર છે. તેમને ઓળખુ છું.સાહેદ આરોપીઓ જયાં બેઠા છે ત્યાં જઈને દરેક આરોપીને નામ દીઠ ઓળખી બતાવે છે માત્ર મફલર બાંધેલા આરોપીનું નામ હાલ યાદ આવતુ નથી પરંતુ જે જુઠાજીના દીકરા છે તેવુ સ્પષ્ટ જાહેર કરે છે.

મને માર્ક:૧૦/૩વાળી ફરીયાદ બતાવવામાં આવે છે, જેમાં મારી સહી છે,જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **<u>આંક:૨૧</u>** આપવામાં આવે છે.

મને મુદામાલ બતાવવામાં આવે તો હું ઓળખી શકું.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી આર્ટીકલ નં.૧૬(માર્ક:એ) બતાવવામાં આવે છે, સાહેદ જણાવે છે કે આ લાકડી તે સમયે ન હતી પણ બનાવીને પોલીસને આપેલી છે.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી આર્ટીકલ નં.૧૭(માર્ક:બી) બતાવવામાં આવે છે, સાહેદ જણાવે છે કે આ લાકડી તે સમયે વેનાજીના હાથમાં હતી.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી આર્ટીકલ નં.૬(માર્ક:જી) બતાવવામાં આવે છે, સાહેદ જણાવે છે કે આ ધોકો જેતે સમયે જુઠાજીના હાથમાં હતો.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી આર્ટીકલ નં.૫(માર્ક:એફ) બતાવવામાં આવે છે, સાહેદ જણાવે છે કે આ લાકડી તે સમયે દેવાજીના હાથમાં હતી.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી આર્ટીકલ નં.૮(માર્ક:આઈ) બતાવવામાં આવે છે, સાહેદ જણાવે છે કે આ લાકડી તે સમયે ન હતી.

સાહેદની સહી...........................

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી આર્ટીકલ નં.૭(માર્ક:એચ) બતાવવામાં આવે છે, સાહેદ જણાવે છે કે આ લાકડી તે સમયે દેવાજીના હાથમાં હતી. અગાઉ જે દેવાજીના હાથમાં હતી તેવુ જણાવ્યુ ખરેખર તે લાકડી જેસીંગના હાથમાં હતી.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી આર્ટીકલ નં.૯(માર્ક:જે) બતાવવામાં આવે છે, સાહેદ જણાવે છે કે આ ડાળુ તે સમયે પારસીંગના હાથમાં હતી પરંતુ તેણે કોઈને મારેલુ નહી.

સાહેદને અગાઉ જે આરોપીનુ નામ યાદ  આવતુ ન હતુ તે આરોપીનું નામ જેસીંગ જુઠાજી છે તેવુ હાલના તબકકે જાહેર કરે છે.

**<u>સરતપાસ પુરી..</u>**

**<u>આરોપીઓ તર્ફે  વિ.વ.શ્રી વી.એસ.ઘાસુરા.</u>**

(૩)	એ વાત ખરી છે કે હુ જગ્યા કહુ છુ તે સર્વે નં.૧૪૪ પૈકી ૧૭ વાળી છે. એ વાત ખોટી છે કે સર્વે નં.૧૪૪ પૈકી ૧૮ વાળી જમીન અમારી આજુબાજુમાં આ આરોપીઓની આવેલી છે. ઉપરોકત સર્વે નં.૧૪૪ પૈકી ૧૭ વાળી જમીન મારી પાસે પંદર વર્ષથી છે. એ વાત ખોટી છે કે ઉપરોકત સર્વે નં .૧૪૪ પૈકી ૧૭ વાળી જમીન સરકારી જમીન છે. એ વાત ખરી છે કે આ જગ્યા અમારી છે તે બાબતનો પુરાવો અમે પોલીસને આપેલો. એ વાત ખરી છે કે તે  જ દિવસે ફરીયાદી જયેશજી જુઠાજીએ ધાનેર પો.સ્ટે. ગુ.ર.નં .૭૫૫/૨૦૨૩થી અમારા છ વ્યકિતઓ ઉપર ફરીયાદ કરેલ છે. એ વાત ખોટી છે કે જયેશજી જુઠાજીના પિતાજી ખેતરમાં ઢોર ચરાવતા હતા ત્યારે મે અને મારા ઘરનાઓએ તેમના પર હુમલો કરેલો. એ વાત ખોટી છે કે  તે સમયે આ જુઠાજીએ જયેશજી તેમના દિકરાને ફોન કરતા તેઓ મો.સા. લઈને આવેલા હતા. એ વાત ખોટી છે કે તે સમયે જુઠાજી લોહી લુહાણ

સાહેદની સહી..........................

હાલતમાં તેમના ખેતરમાં પડેલા હતા. એ વાત ખોટી છે કે તે સમયે મારા હાથમાં કુહાડી હતી, જે મે જુઠાજીને મારેલી તેમજ બીજા માણસોના હાથમાં લાકડીઓ હતી, તે પણ જુઠાજીને મારેલી અને આ સમયે જયેશજી ત્યાં આવી ગયેલા અને આ બધો બનાવ જયેશજી નજરો નજર જોયેલો. એ વાત ખોટી છે કે સર્વે નં.૧૪૪ પૈકી ૧૭ વાળી જમીન અમોએ સરકારી જમીનનો ગેરકાયદેસર કબજો કરેલ હોય અને જે જમીન પડાવા માટે અમોએ આરોપીઓ પૈકી જુઠાજી ઉપર જાનથી મારી નાંખવાનો હુમલો કરેલો અને આ બનાવથી બચવા માટે અમોએ રાજકીય દબાણ દ્વારા હાલની ખોટી ફરીયાદ ઉભી કરેલ છે.

(૪) એ વાત ખરી છે કે વસંતલાલ પુરોહીત મારા ભાણીયા થાય છે. એ વાતની મને ખબર નથી કે વસંતલાલભાઈ પુરોહીત વકીલ છે કે કેમ? એ વાત ખરી છે કે આ વસંતલાલ પુરોહતી એમ.એલ.એ. ચુંટણીમાં બી.જે.પી. પાર્ટી તરફથી ઉભા રહેલા અને ધાનેરા મત વિસ્તારમાંથી ચુંટણી લડેલા. એ વાત ખોટી છે કે સર્વે નં.૧૪૪ પૈકી ૧૭ વાળી જગ્યા છે તે તેમની છે અને જે જગ્યામાં અમો ફકત તેમના કહેવાથી દેખરેખ રાખતા હતા. એ વાત ખોટી છે કે મે મારી સરતપાસમાં જણાવેલ હકીકત છે તેવી કોઈ હકીકત મારી ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખોટી છે કે મે મારી ફરીયાદ ફકત મારુ નામઠામ જણાવેલું બાકીની હકીકતો પોલીસે જાતે લખી લીધેલી. એ વાત ખોટી છે કે મુદામાલમાં બતાવેલ લાકડીઓ આજરોજમાં અદાલતમાં પ્રથમવાર જોયેલ છે. એ વાત ખોટી છે કે પોલીસમાં ફરીયાદ સમયે પોલીસે રાજકીય દબાણ હેઠળ અમારી ફરીયાદ ૩૦૭ લગાવેલી, જયારે સામાપક્ષે ૩૦૭ હોવા છતાં ખોટી રીતે ઈ.પી.કો.કલમ–૩૨૩,૨૯૪(ખ), ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબનો ગુનો નોંધેલો. એ વાત ખોટી

સાહેદની સહી..........................

છે કે કહેવાતા બનાવ સમયે આવા કોઈ આરોપીઓ હાજર ન હોવા છતા તેમજ બનાવ સમયે હું પોતે ત્યાં હાજર ન હોવા છતા અમારા ઘરના વ્યકિતઓ અકસ્માતમાં વાગેલ હોય જેનો બચાવ લઈ મે ખોટી ફરીયાદ આપેલી. એ વાત ખરી છે કે ૧૫/૨૦૨૨માં ધાનેરા કોર્ટમાં આ આરોપીઓ વિરૂધ્ધ મારો દાવો કરેલ છે. એ વાત ખોટી છે કે એ દાવામાં હાલની આ ફરીયાદ ઉભી કરી અને  સમાધાન કરાવી દાવો સમાધાનની રાહે પૂર્ણ કરેલ છે. એ વાત ખોટી છે કે હાલમાં અમારે દિવાની તકરાર રહેતી ન હોય આજરોજ નામ.કોર્ટમાં આવી સોગંધ ઉપર ખોટી જુબાની આપુ છું. એ વાત ખોટી છે કે કહેવાતી બનાવવાળી જગ્યા અમારી માલીકીની નહી પણ જુઠાજીની માલીકીની છે અને જે દાબ દબાણ આપી પડાવી લેવાના ઈરાદાથી હાલની ફરીયાદ ઉભી કરેલી છે. એ વાત ખોટી નથી કે હાલના હાજર આરોપીઓ પૈકી આવો બનાવ ન બનેલ હોવા છતાં સોગંધ પર ખોટી જુબાની આપુ છું.

**<u>વિશેષ ઉલટતપાસ નથી..</u>**
**<u>ફેર ઉલટતપાસ નથી..</u>**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................
સાહેદની સહી

| | |
|---|---|
| | મારી રૂબરૂ, |
| મુ. ડીસા<br>તા. ૧૯/૦૧/૨૦૨૬ | (કુ.એસ.એમ.કાનાબાર)<br>છઠ્ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી...........................